

## સ્પંદન - ૨૦૨૦ - ૨૧

ગુજરાતી સાહિત્ય મંડળ

▲

# કવિ સુરેશ જોશી

# સ્પંદન

માર્ગદર્શક –

ડૉ. પ્રીતિ દવે,

પ્રો.વિરલ મવાણી

ટાઈપિંગ-

દિવ્યા વાલોદરા, નિશા વાણ

જયા વાલોદરા, ક્રિષા વોરા

પ્રિન્સિપલ

સહી

એડિટર-

ભવી ગાંધી

પ્રૂફ રીડિંગ-

સાગર ચોટાલીયા

# <u>અનુક્રમણિકા</u>

૧. સુરેશ જોશી જીવન કવન

- સુરેશ જોશી જન્મ ,ઉછેર,ઘડતર

૨. સાહિત્ય સર્જન યાત્રા

- કાવ્યસંગ્રહ
- નવલકથા
- નિબંધ
- વિવેચન
- સંશોધન
- સંપાદન
- અનુવાદ
- સામયિકોનું સંપાદન

૩. સુરેશ જોશીનું સમગ્રલક્ષી મૂલ્યાંકન

- નિબંધકાર સુરેશ જોશી
- નવલિકાકાર સુરેશ જોશી
- કવિ સુરેશ જોશી
- નવલકથાકાર સુરેશ જોશી
- સુરેશ જોશીનું વિવેચન સાહિત્ય

૧. સુરેશ જોશીની કવિતાનો આસ્વાદ


- **<u>ચૈત્રરાત્રે</u>**
- **<u>સવાર</u>**

# પ્રસ્તાવના

ક. જે સોમૈયા કલા અને વાણિજ્ય મહાવિદ્યાલયના સંસ્થાપક પદ્મભૂષણ પૂજનીય કરમશીભાઈ જેઠાલાલ સોમૈયા અને ડૉ. શ્રી સમીરભાઈ સોમૈયા, શ્રીમતી લીલાબેન કોટક તથા સમસ્ત અને સોમૈયા પરિવાર સતત માર્ગદર્શન તથા પ્રોતસાહનથી સાહિત્ય, શિક્ષણની પ્રવૃત્તિઓ ઉત્તરોતર ઉન્નતીના પંથે આગળ વધતી રહી છે.

વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત સાહિત્ય કળાને વેગ આપવાનું કાર્ય છેલ્લા ૧૮ વર્ષથી હાથ ધર્યું છે. આ કાર્ય એટલે હસ્ત- લિખિત 'સ્પંદન' નું પ્રકાશન. આ વર્ષે આવી પડેલી કોરોનાની અણધારી મહામારીને પગલે અમે ઓનલાઈન પ્લેટફોર્મ ઉપર આ સામાયિક ને તમારા સુધી પહોંચાડવાનો પ્રયાસ હાથ ધર્યો છે. આ વખતે આધુનિકોના અગ્રાણી એવા પ્રયોગશીલ સર્જક 'શ્રી સુરેશ જોશી ' ની ૧૦૦ મી જન્મ જયંતિ હોવાથી તેમની પસંદગી કરી છે. વિદ્યાર્થીઓ તેમના સાહિત્યનો ઊંડાણમાં અભ્યાસ કરી શકે અને તેમનાથી માહિતગાર થાય એ જ મુખ્ય ઉદ્દેશ રહેલો છે.

કાર્ય ભલે એક જ હોય પણ આપ સૌના સાથ – સહકાર વિના તે પૂર્ણ થતું નથી. આ કાર્ય પણ વિદ્યાર્થીઓના સાથ દ્વારા જ શક્ય બન્યું છે.



# સુરેશ જોશીનું જીવનકવન

ગુજરાતની વિશ્વ સાહિત્યની આબોહવામાં શ્વાસ લેતા વિદ્વાન સાહિત્યકાર સુરેશ જોષી નો જન્મ બારડોલી તાલુકાના વાલોડ ગામે ૩૦-૦૫-૧૯૨૧ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ હરિપ્રસાદ જોષી અને માતાનું નામ શાંતાબહેન અને પત્નીનું નામ ઉષા બહેન.

સુરેશ જોષીએ પ્રાથમિક શિક્ષણ સોનગઢમાં અને માધ્યમિક શિક્ષણ ગંગાધરની શાળામાં લઈ તેમણે ૧૯૩૮માં નવસારીમાંથી મેટ્રિકની પરિક્ષા પાસ કરી હતી. મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાંથી ૧૯૪૩માં ગુજરાતી વિષયમાં પ્રથમ વર્ગમાં પ્રથમ આવી બી. એ. થયા અને ૧૯૪૫માં એમ. એ. ની પરીક્ષા બીજા નંબરે આવી ઉત્તીર્ણ કરી. શરૂઆતમાં તેઓએ કરાચીની ડી. જે. સિંધ કૉલેજમાં, ૧૯૪૭થી વલ્લભવિદ્યાનગરમા અને ૧૯૫૧થી વડોદરાની માટે મ.સ.યુનિવર્સિટીમાં તેમણે ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે અધ્યાપન કાર્ય કર્યું. ૧૯૮૧માં તેઓ ગુજરાતીના પ્રાધ્યાપક અને અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા.

સુરેશભાઈનું શૈશવ સોનગઢમાં પસાર થયું. સોનગઢનો કિલ્લો, નદી, ડુંગરા, જંગલ અને કલ્પનાની પરીઓ અને રાક્ષસથી તેમનું બાળપણ ભર્યું ભર્યું હતું. આઠ વર્ષની વયે તેમણે કાવ્યરચના કરેલી જે દાદાજીથી છાનામાના 'બાલજીવન'માં છુપાવેલી. કોલેજકાળ દરમિયાન તેમણે વિશ્વ સાહિત્યની શ્રેષ્ઠ કૃતિઓનો પ્રત્યક્ષ પરિચય પ્રાપ્ત કર્યો હતો. કોલેજમાં તેમણે ‘ફાલ્ગુની’ નામક સામયિકનું સંપાદન પણ કર્યું હતું. પાંત્રીસ વર્ષની વયે ૧૯૫૬માં 'ઉપજાતિ' નામક કાવ્યસંગ્રહ સાથે તેમણે ગુજરાતી સાહિત્યમાં પદાર્પણ કર્યું. પછી તેમણે વાર્તા, નવલકથા, નિબંધ, વિવેચન, સંશોધન,અનુવાદ, સંપાદન વગેરે ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું. પૂર્વ અને પશ્ચિમના સાહિત્યના તેઓ ઊંડા અભ્યાસી હતા. 'ફાલ્ગુની', 'મનીષા', 'ક્ષિતિજ', 'ઉહાપોહ', 'એતદ્', વગેરે સામયિકોના તંત્રી તરીકે તેમણે મૂલ્યવાન પ્રદાન કર્યુ. તેજસ્વી અધ્યાપક,

પ્રયોગશીલ સર્જક, વિદગ્ધ વિવેચક, મૌલિક ચિંતક, નીડર, નિર્ભીક પત્રકાર, સફળ અનુવાદક,અને આસ્વાદક સુરેશ જોષીએ ગુજરાતી સાહિત્યમાં આધુનિકતા નું આંદોલન ચલાવી સ્થગિત થવા લાગતાં સર્જન-વિવેચનનાં જળને આંદોલિત કરી પ્રવાહિત કર્યા. ૧૯૭૧માં સુરેશ જોષીને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો. નર્મદ સુવર્ણચંદ્રક પણ તેમને આપવામાં આવેલો. આવા એક પ્રખર વિદ્વાન પ્રતિભા સંપન્ન વક્તા,ક્રાતિકારી અને બહુમુખી પ્રતિભા ધરાવતા સાહિત્યકાર સુરેશભાઈનું તારિખ ૬-૯-૧૯૮૬ના રોજ કિડનીની બીમારી અને હ્રદયરોગથી નડિયાદની હૉસ્પિટલમાં તેમનું નિધન થયું.

# સુરેશ જોશીની સર્જનયાત્રા : સાહિત્ય – સર્જન

## ૧) કાવ્યસંગ્રહ :

૧. 'ઉપજાતિ ' (૧૯૫૬)

૨. 'પ્રત્યંચા' (૧૯૬૧)

૩. 'ઇતરા' (૧૯૭૩)

૪. 'તથાપિ' (૧૯૮૦)

## ૨) નવલકથા :

૧. 'છિન્નપત્ર' (૧૯૬૫)

૨. 'મરણોત્તર' (૧૯૭૩)

## ૩) નિબંધ :

૧. 'જનાન્તિકે' (૧૯૬૫)

૨. 'ઇદમ સર્વમ' (૧૯૭૧)

૩. 'અહોબત કિમ્ આશ્ચર્યમ્' (૧૯૭૫)

૪. 'ઇતિ મે મતિ' (૧૯૮૭)

## ૪) વિવેચન :

૧. 'કિંચિત્' (૧૯૬૦)

૨. ‘ગુજરાતી કવિતાનો આસ્વાદ’ (૧૯૬૨)

૩. ‘કાવ્યચર્ચા’ (૧૯૭૧)

૪. ‘કથોપકથન’

૫. ‘શ્રણ્વન્તું’ (૧૯૭૨)

૬. ‘અરણ્યરુદન’ (૧૯૭૬)

૭. ‘ચિન્તયામિ મનસા’ (૧૯૮૩)

૮. ‘અષ્મોધ્યાય’ (૧૯૮૪)

## ૫) સંશોધન :

૧. ‘મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કાવ્યાધારાની ભૂમિકા’ (૧૯૭૮)

## ૬) સંપાદન :

૧. ‘જાનન્તિ યે કિમપિ’ (૧૯૮૪)

૨. ‘નવોન્મેષ’ (૧૯૭૧)

૩. ‘નરહરિની જ્ઞાનગીતો’ (૧૯૭૮)

૪. ‘ગુજરાતી સર્જનાત્મક ગદ્ય : એક સંકલન’ (૧૯૮૧)

૫. ‘વસ્તાનાં પદો’ (૧૯૮૩)

## ૭) અનુવાદ :

૧. ‘અમેરિકાના સાહિત્યનો ઇતિહાસ’ (૧૯૬૫)

૨. 'અમેરિકી ટૂંકીવાર્તા' (૧૯૬૭)

૩. 'કવિતા – પરકીયા' ( ૧૯૭૫)

૪. 'નવલકથા – ધીરે વહે છે દોન ખંડ' (૧૯૬૦)

૫. 'ભોંયતળિયાનો આદમી' (૧૯૬૭)

૬. 'ટૂંકીવાર્તા' – નવી શૈલીની નવલિકાઓ' (૧૯૬૦)

૭. 'શિકારી બંદૂક' અને 'હજાર સારસો' (૧૯૭૫)

૮. 'પંચામૃત' (૧૯૪૯)

૯. 'સંચય' (૧૯૬૩)

## ૮) સામાયિકોનું સંપાદન – પ્રકાશન :

૧. ફાલ્ગુની

૨. વાણી

૩. મનીષા

૪. ક્ષિતિજ

૫. સંપુટ

૬. ઉહાપોહ

૭. એતદ

૮. સાયુજય

૯. સેતુ

આમ ગુજરાતી સાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં સુરેશ જોષીએ કલમ ચલાવી છે.ગુજરાતી સાહિત્ય – વિચારના ઘડતરમાં ડૉ.સુરેશ જોષીનું આગવું પ્રદાન રહ્યું છે. એમણે સમગ્ર ગુજરાતી સાહિત્યને ધરમુળથી બદલીને એક નૂતન યુગનાં મંડાણ કર્યા છે.સુરેશ જોષીએ વિશ્વસાહિત્યની ગતિવિધિઓ સાથે આપણી દ્રષ્ટિ જોડી આપી છે.સર્જકે આધુનિક સંવેદનશીલતા પ્રગટાવનાર સાહિત્યને માટે ઉપકારક આબોહવા સર્જી છે.

# સુરેશ જોશી એક નિબંધકાર

નિબંધમાં સુરેશ જોશીની કલમ લીલયા વિહરી છે. સંગ્રહના નામકરણ પાછળની દીર્ઘદ્રષ્ટિનો સુખદ અનુભવ કરાવે છે. 'જનાન્તિકે' ના નિબંધોમાં સર્જકની કલમ વિવિધ વિષયોમાં લીલયા વિહરે છે. વિશેષ કરીને પ્રકૃતિ એમની સર્જનસૃષ્ટિમાં સૌ પ્રથમ આવે છે. કોઈપણ વિધામાં પ્રકૃતિ પ્રત્યેનો તેમનો અનુરાગ છૂટતો નથી.પ્રકૃતિને કેવી વિધવિધ છટાથી આલેખી છે તે પણ અભ્યાસીઓ માટે એક મહત્વનો મુદ્દો બની રહે તેમ છે. પ્રકૃતિ ઉપરાંત માનવી,ઈશ્વર,સાંપ્રત પરિસ્થિતિઓ,સાહિત્યવિષયક વિચારણા ઈ. એમના નિબંધોમાં કોઈ પણ રીતે 'વજનદાર' બની ગયા વગર લીલયા નિરૂપણ પામે છે. ભાષાનું ઓજાર એકદમ સાફસૂથરું હોય છે. સંસ્કૃત અંગ્રેજી બંગાળી ઈ. ભાષાઓ તેમજ સાહિત્યનું ઊંડું પરિશીલન એમની સહાયમાં આવે છે. અને અભિવ્યક્તિનું લાલિત્ય પ્રગટ કરીને જ રહે છે. એ નિબંધોમાં સર્જકના વ્યક્તિત્વનો સચેતન સ્પર્શ અનુભવાય છે. એક બે ઉદાહરણો લઈએ.

"કંજૂસના કાણા ખિસ્સામાંથી સંતાડેલી સોનામહોર દેખાઈ જાય તેમ કોઈ વાર વાદળ ઘેર્યા આકાશમાંથી તડકો અલપઝલપ દેખાઈ જાય છે. વર્ષમાં જે દેખાય છે તે અલપઝલપ, જે એને જોવાને દ્રષ્ટિ સત્રદ્ર નહીં રાખે તે ચૂકી જાય. પછી કોણ જાણે, કેટલાય જન્મે ફરી દ્રષ્ટિના દોર સંધાય તયારે, 'અરે એ તે કયારે?'"(વર્ષાવંદન)

***

"ગુલાબ આમ તો નર્યું નગ્ન લાગે છે ને છતાં એ કેવું મુલાયમ આચ્છદન છે ! એને કશું સંગોપવાની દાનત નથી ને છતાં પાંખડીઓ ક્યાંક કશુંક સંતાડી બેઠી છે એવું લાગ્યા કરે છે. સહેજ તડકો પડે છે ને એની કોમળ પાંખડીઓ એકાએક અગ્નિશિખા બની જાય છે. ઘડી પહેલાં તો એનામાં પ્રથમ પ્રેમના પ્રકટ થઈ જવાથી કિશોરીના


કપોલ પર જે રતાશ છવાઈ જાય છે તે રતાશ હતી. હવે પવનમાં તેની પાંખડીઓ ફરફરે છે……" (ગુલાબ:ત્રણ પંક્તિનું હાઈકુ)

***


"ગ્રીષ્મમાં મોગરા અને શિરીષની અત્યુક્તિ હવામાં સંભળાયા કરે છે. પછી ચૈત્ર તરફથી વૈશાખ તરફ ઢળતાં આ અત્યુક્તિનો ઘેરો રંગ ગુલમોરમાં ઘૂંટાઈને લાલચટ્ટક બનશે. વર્ષમાં થનારા પૃથ્વી અને આકાશમાં ગાઢ પરિરમ્ભણની કુંકુમપત્રિકા ગુલમોરની લિપિમાં લખાઈ જશે. શિમળાના ફૂલની રતાશ પણ એવી પ્રગલ્ભ છે. પણ શિમળો રેશમ જેવા રૂની સાથે પોતાનાં સ્વપ્રને જાણે ઉડાવે છે."(ગ્રીષ્મ)

કલ્પનપ્રચુર કાવ્યમય રીતિ, પ્રકૃતિનાં ભિન્ન ભિન્ન રૂપોનું આલેખન,લલિત-આછું ચિંતન, ઇન્દ્રિયસંવેદ્ય નાજુક સર્જકતા. અને ચેતન-અવચેતન મન પર ચાલતો યદૃચ્છવિહાર તેમના નિબંધોમાં અનુભવાય છે. ક્યારેક રચનારીતિ ની એકવિધતા કે કલ્પનોનો અતિરેક પ્રયોગદસ્ય દેખાડે છે તેમ છતાં એ ક્લધર્મી વિચારક સર્જક પાસેથી ગુજરાતી નિબંધને નમણો લલિત આકાર સાંપડ્યો છે એ ચોક્કસ. એમના નિબંધોમાં વિહાર કરવો એટલે આનંદયાત્રાનો અનુભવ કરાવો એમ કહી શકાય.


# <u>નિબંધો</u>





જનાન્તિકે





ઇદમ્ સર્વમ્





રમ્યાણિ વીક્ષ્ય




અહો બત કિમ્ આશ્ચર્યમ્





પ્રથમ પુરુષ એકવચન





ઇતિ મે મતિ




પશ્યન્તિ




વિદ્યાવિનાશને માર્ગે




આત્મનેપદી

# સુરેશ જોશીની નવલિકાઓ


ટૂંકી વાર્તાના પાંચ સંગ્રહો સુરેશભાઈએ આપ્યા છે. 1959માં 'ગૃહપ્રવેશ' વાર્તાસંગ્રહ દ્વારા તેમણે નવલિકક્ષેત્રે નવીન પ્રયોગ આરંભ્યા. આ સંગ્રહના પ્રારંભે તેમણે નૂતન વાર્તાપ્રવાહની દિશા તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. તેમણે વાર્તાકલાને સર્જકની લીલા ગણી છે અને આનંદ, કેવળ આનંદને જ એનું પ્રયોજન ગણ્યું છે. વાર્તા માટે ઘટના-સ્થૂળ સામગ્રીનું એમને મહત્ત્વ નથી. એ ઘટનાનું તિરોધાન થઈ જવું જોઈએ. બાહ્ય કે સ્થૂળ ઘટનાને બદલે તેનાથી ઊભા થતા આઘાત-પ્રત્યાઘાતો એટલે કે સૂક્ષ્મ ઘટનાઓ, મનોઘટનાઓનું આલેખન મહત્વ પામવું જોઈએ. સામગ્રીના આધારે નહિ, પણ સ્વરૂપને આધારેકલાકૃતિ જીવે છે. કલાનો વિશેષ રૂપવિધાનમાં, નવનિર્માણમાં છે, આ તેમની 'થિસિસ' છે. એવી જ રીતે ઘણી વખત તેઓ પાત્રના બાહ્ય વાસ્તવને એટલું બધું ઓગળીનાખે છે કે તેમને નામ પણ ન આપતા अ,ब,क એવી સંજ્ઞાથી ઓળખાય છે. એટલી હદે નિર્માનવીકરણને તેઓ તાકે છે. ઘટનાના આઘાતપ્રત્યાઘાત દ્વારા કે ક્યારેક બે સાથે સાથે મૂકેલી ઘટનાઓમાંથી પ્રગટતા વિરોધાભાસને તીવ્ર રીતે ઉપસાવિ આપે છે. ટૂંકી વાર્તા ના સ્વરૂપ વિશેના તેમના વિચારો 'કિંચિત', 'ક્થોપકથન' માં લેખો,ઉપરાંત 'નવી શૈલીની નવલિકાઓ' , 'અમેરિકન ટૂંકી વાર્તા'ની પ્રસ્તાવનાઓ રૂપે ઉપલબ્ધ છે. 'વારતા કહોને'(1955) એમની આરંભકાળની વાર્તા છે. 'ગૃહપ્રવેશ', ' કુરુક્ષેત્ર', 'થિગડું', 'એક પુરાણી વાર્તા', 'બે સુરજમુખી' અને 'આંધળી માછલી' વગેરે ધ્યાનપાત્ર નવલિકઓ છે. ઘટનાતત્વનો બને તેટલો લોપ-હ્રાસ,રૂપનિર્માણનો આગ્રહ, કલ્પન,પ્રતિકાદિનો વિનિયોગ, માનવસચિતના ઊંડાણમાં પ્રવેશ, એ બધાની અભિવ્યકિત માટે આગવી

ભાષાનિર્મિતિ એમની વાર્તાઓમાં જોવા મળે છે. તેઓ વાર્તાસર્જનમાં સતત પ્રયોગશીલ રહ્યા છે. જોઈ શકશે કે તેમણે ઢગલાબંધ 'કથા' ઓ આપવાનુ પસંદ નથી કર્યુ પરંતુ એક સર્જક તરીકે તેમની કલાગત વિભાવના અનુસાર થોડીક પણ 'કલાકૃતિ'ઓ આપવાનું તેમનું વલણ રહ્યું છે.વિષોયોનું વૈવિધ્ય પણ ઓછું છે. ટૂંકી વાર્તાને કોઈ એક નિશ્ચિંત ચોકઠામાં કે ફોર્મુલ માં 'ડેડપિસ'- એક નિર્જીવ ટુકડા રૂપે દશવવાને બદલે કલાની રસકીય કોટિ સુધી લઈ જવાની હંમેશાં મથામણ કર્તા રહ્યાં છે. આધુનિક નવલિકા ( અત્યારે પ્રગટ થતી બધી ટૂંકી વાર્તાઓ,કથાઓ નહીં )- પ્રયોગશીલ વાર્તાઓ સુરેશ જોશીએ રચેલી કેડી પર આગળ પ્રસ્થાન કરી રહી છે.


## ટૂંકીવાર્તા સંગ્રહો




એકદા નૈમિષારણ્યે





ન તત્ર સૂર્યો ભાતિ




અપિ ચ




બીજી થોડીક




ગૃહપ્રવેશ

# સુરેશ જોશીની કવિતા

સાતમા દાયકમાં જેમની સાચી ઓળખ આપતી કવિતા પ્રગટ થઈ તે સુરેશ જોશીએ 1956માં 'ઉપજાતિ' કાવ્યસંગ્રહ આપ્યો હતો. તેમા આધુનિક યુગચેતનનો પૂર્વરંગ અલ્પપ્રમાણમાં પણ ઊઘડવો શરૂ થઈ ગયો હતો. જોકે એમાંની કેટલીક કવિતાની કથનરીતિ પરંપરાગત છંદકવિતા પ્રમાણેની તેમજ વિષયોનું પણ પરંપરાગત નિરૂપણ હોવાને કારણે સતત જાગૃત સંવેદનશીલ સર્જકને એ જાળવી રાખવાનું યોગ્ય લાગ્યું નહોતું. 'ઉપજાતિ' કાવ્યસંગ્રહની બધી રચનાઓ ઉપજાતિ છંદમાં જ રચાયેલી હતી બે.ત્રણ દ્રષ્ટાંત એ કાવ્યસંગ્રહમાંથી લઈએ:

*' કાલે પ્રભાતે કુમળું તૃણાકુર/ ઊંચું કરી મસ્તક ગર્વભેર,*

*તુષારના મૌકિતકને ઝૂલાવતું/ ઊભું જુઓ સૂય સમક્ષ.'*

*******

*' હું તોપને હાલરડું ગવાડું/ ને બૉમ્બને પુષ્પની વૃષ્ટિ શીખવું '*

*******

*ઘેટાં અને આ બકરાંની રાહ/ અંગે લગાડી બહુ રંગ છાપ,*

*જાણ્યા વિના કે શણગાર શાને/ ચાલી જતી જોઉં હું કત્લખાતે;*

આ સુંન્દરીને પશુઓની હાર/ બને જતી જોઉં હું એક રાહ વિષાદ કે વ્યથાનો આ ભાવનારગી, રોમેન્ટિક અભિગમ જેમકે ' હું ખુશ છું 'ગાનાર કવિને એક સાચા

કવિ લેખે કૃતક લાગવાનો સંભવ છે . અભિવ્યક્તિની પ્રવર્તમાન સામગ્રી તેમને ઉપયુક્ત ન લગી. તેથી 'ઉપજાતિમાંથી સાચવવા જેવાં કાવ્યો વીણી લઈને તથા નવાં ઉમેરીને 1961માં 'પ્રત્યંચા' કાવ્યસંગ્રહ તેઓ આપે છે અને " આનો પુરોગામી કાવ્યસંગ્રહ 'ઉપજાતિ' હવે રદ ગણવો" એમ નિવેદન કરે છે. આ પણ એક

ઐતિહાસિક ઘટના છે. આધુનિક યુવની નવી, પ્રતિકિ કવિતા નગરજીવન પ્રત્યેની ધૃણા, નિર્માનવિનકરણ, 'સ્વ'નીશોધ, વ્યક્તિત્વની વિચ્છન્નતા,આત્મવિડંબના, વ્યર્થતા, લાંચરી ઈ. ભાવોને લઈને ભાષાની, કલ્પનાની, અભિવ્યકિતની, નૂતનતા તેમની કવિતા દાખવે છે. માનવી પળેપળ મુંઝવણ અનુભવી રહ્યો છે,જીવનની વિચ્છન્નતા, એને અકળાવી રહી છે. આથી જીવન-મૃત્યુની ભીષણ સંવેદના કવ્યનો વિષય બને છે. ' અમારું ઘર' કાવ્યમાંથી એક અવતરણ લઈએ:

*પેલે ખૂણે દેખાય છે, અંધારામાં તમને કશું ?*

*અંધારના કો પિંડ શું?*

*હા, એ જ છું, હું-*

*( હું? અરે શાને કહું કે એ જ છું હું?*

*કાતિલ ઠંડીમાં પડ્યું ઢગલો થઈકૂતરું,*

*મલિક જેનું કોઈ ના એવું પડ્યું કો'પોટલું.)'*

*******

*'અંધારની રણરેતમાં*


*મૃત ચન્દ્રકેરા પ્રેત શો ભમતો ફરું;*

*પવનનાં આ હાડ તીણાની સરાણે*

*બુઠ્ઠા થયેલા શૂન્યની રે ધાર હું કાઢ્યા કરું. ('હું')*

'સવાર', 'પાંખંડી', ' ગ્રીષ્મ બપોર' , ' રોજ રાતે', 'સંક્ષિપ્ત રામાયણ', 'ત્રિજ્યા', 'ચાર વિડંબના', ' હું ', ' સૂર્યા' , ' અમાસ અંધકારશી', ' કદાચ', ' મૃણાલ કાવ્યો' વગેરે રચનાઓ સુરેશ જોશીની સર્જક પ્રતિભાની ગુણવતા પ્રગટ કરે છે. આકૃતિ, ઈબારત અને અભિવ્યકિત બધી રીતે નવેસરથી, તીવ્ર ક્લાભાન સાથે પ્રગટ થતા એ કવિ છે. ઉશનસ યોગ્ય જ કહે છે કે "નવીન કવિતાનો નકશો સમજવા 'ઉપજાતિ' અને ' પ્રત્પંચા' ની સામગ્રી ઉપયોગી નીવડશે એમાં શંકા નથી. સુરેશભાઈ નવી કવિતાની વિભાવના 'કિંચિત'માં સ્પષ્ટ કરે છે. કવિકર્મ અંગે તેઓ પ્રતીક કે કલ્પનાનો ધ્વનિ સાથે સંબંધ એનો મહિમા કરે છે એમાની સાહિત્યવિચારણામાં રૂપનિર્મિતિ અંતિમ લક્ષ્ય છે એ માટે સર્જક ભાષાનો ઉતમ રીતે વિનિયોગ કરે એ તેમની અપેક્ષા છે. પ્રતીક,કલ્પન,શબ્દ શબ્દ વચ્ચેના અધ્યાસો,જુદા જુદા લય,કાકુઓ ઈ. કવિતામાં એક રસ બની જઇ આકૃતિનિર્માણ થવું જોઈએ. એ માટે શબ્દ એક સાધન છે. જૂનાં પુરાણા પ્રતીકો અને પ્રાચીન સંદર્ભોને નવીન અર્થસંદબ્ર્ભો આપી સર્જનમાં ઉપયોગમાં લે છે.


# કવિતાસંગ્રહ





પરકીયા




તથાપિ




ઇતરા




પ્રત્યંચા





ઉપજાતિ

# બે નવલકથાઓ: ‘છિન્નપત્ર’ અને ‘મરણોતર’


કવિતા અને ટૂંકી વાર્તાની જેમ નવલકથાસ્વરૂપમાં પણ સુરેશભાઈએ નવીન પરિવર્તનનો, નવા પ્રયોગો કરી બતાવ્યાં ચે છે. 1979માં ' છિન્નપત્ર' પ્રગટ થઈ અને 1973માં 'મરણોતર'નું પ્રકાશ થયું. 1981માં કથાચતુષ્ટય' પ્રગટ થયું તેમાં 'વિદુલા' , ' કથાચક્ર', 'છિન્નપત્ર' અને 'મરણોતર' એક સાથે સ્થાન પામી છે. 'છિન્નપત્ર'ને તેમણે 'લખવા ધારેલી નવલકથાઓ 'મુસદ્દો' એમ કહીને ઓળખાવી છે. તેમના જેવા સતત પ્રયોગશીલ રહેતા સર્જક માટે કથનો અંતિમ આકાર મનોપ્રદેશમાં સતત મઠારાતો રહે અને એથી જે કથાઅંશ પ્રગટ થયો છે તે કાચો ખરડો- મુસદ્દો-ડ્રાફ્ટ છે એમ તેઓ કહે સ્વાભાવિક છે. 'છિન્નપત્ર' પચાસેક પાન તથા પરિશિષ્ટ મળીને રચાયેલી એક નવલકથા છે.ઘટનાજગતથી પરિચિત આપણે સૌ એમાં શું બંને છે, સમજાય એવી ઘટના કાઈ છે એવું વિચારીએ તેનો ઉતર આટલો જ છે. કથાના બે પત્રો માલા અને અજયની આસપાસ વાર્તા રચાય છે. લીલા નામનું એક ત્રીજુ પાત્ર પણ આવે છે. કથા ફ્લેશ બેક ટેક્નિક અપનાવાઈ છે એક ધાકા સાથે ટ્રેન ઊપડે છે અને સાથે વિચારમગ્ન માલાના ચિંતમાં અનેક સંવેદનો ભાવજગત રચતાં જાય છે. માલાના ખોળામાં અજયનિ નોંધપોથી પડી છે જેમાં 'વહી ગયેલાં વર્ષોની સ્મૃતિનો ભાર' તોળાય છે. એ પનાં- પત્રો તે આ 'છિન્નપત્ર',ભૌગોલિક કે ક્રમિક ઘટનામાળાખું ઉપયોગમાં ન લેતાં મનોવૈજ્ઞાનિકતાનો આશ્રય લઈને લેખકે પાત્ર અને કાલજગતનું આંતરવાસ્તવ પ્રગટ કરવાનો પુરુષાર્થ કર્યો છે. નોંધપોથીના પ્રત્યેક પાને ઉપસ્થિત માલાનું વ્યક્તિત્વ એની ચેતનાનાં વિવિધ પ્રતિબિંબો રૂપે કથામાં પ્રગટતું રહે છે. કણ કણ થઈને વેરાય જવાના સ્વભાવવાળી માલાના વ્યક્તિત્વને પોતાના પ્રભાવના વજનથી અજય બાંધી નથી દેતો,દબાવી નથી દેતો, શક્ય એટલી તટસ્થતા અને છતાં આત્મીયતાથી અનુભવવા મથે છે. પરંપરાગત નવલકથામાં આવતાં નાયક-નાયિકા તેઓ નથી. માલાનું મૌન, અજયની વેદના એને 'પ્રેમ'ની સંજ્ઞા આપવા કરતા ડૉ.સુમન શાહ કહે છે તેમ એને 'પ્રેમનું મેટાફિઝિક્સ' કહી શકાય. 'જાતને વિખેરી દઈને જાતને પામી શકાય?' આ માલાના જીવનનો પ્રશ્ન છે. એની પડખે જ નિવ્યાજ સરળતથી

હળવાપણું અનુભવતી લીલાંનું પાત્ર લેખકે ઉપસાવ્યું છે. પત્રોના માનસિક સંબંધો આપણા સમજના પરંપરિત સમાજિક (શારીરિક) સંબંધોથી પેલી પારના છે, અલગ છે. નિરૂપાય છે તે તો માનવીને અંતરમાં કોરી ખતી વિક્લતા, શૂન્યતા અને એકલતા. અજયનો માનવીય પ્રેમ વેદનનો જ પર્યાય બની રહે છે. એ વેદના તે માલા અને લીલાનાં પત્રો દ્વારા અસ્તિત્વની અપૃથકતા જોવા ની મથામણ અનુભવતા અજયની પૃથક્તની વેદના છે. નવલકથાના સર્જન બાબતે મતભેદ ધરાવનારને પણ એમાં પ્રયોજાયેલા લેખકના સહિતિયહ સાહિત્યક ગર્ધનો સુખદ અનુભવતો અવશ્ય થશે.

# નવલકથાઓ




છિન્નપત્ર




મરણોત્તર

# <u>સાહિત્યવિવેચન</u>

એક તેજસ્વી અધ્યાપક અને પ્રયોગશીલ સર્જક સુરેશ જોશીએ છેક ૧૯૪૭થી વિવેચન લખવાનું શરૂ કરેલું. ૧૯૬૦માં 'કિંચિત્' નામે તેમનો પ્રથમ વિવેચનસંગ્રહ પ્રસિદ્ધિ થયો અને ૧૯૮૩માં સદભાવ પ્રકાશને છેલ્લો 'અષ્ટમોડધ્યાય' વિવેચનસંગ્રહ પ્રગટ કર્યો તે જોતાં સાડાત્રણ દાયકા જેટલી સુદીર્ઘ વિવેચનપ્રવૃત્તિ ઘણું મહત્વ ધારણ કરે છે. ૧૯૫૫માં તેમનો સૌ પ્રથમ કવિતાના કલાસ્વરૂપ અને કાર્ય પરત્વે નૂતન અભિગમ પ્રગટ કરતો લેખ પ્રગટ થયો અને સર્જનની જેમ વિવેચનના ક્ષેત્રે પણ તેમનું પ્રયોગશીલ માનસ સ્પષ્ટપણે જોવા મળ્યું. આ નવ્ય વિવેચન છે. વીસમી સદીના ત્રીજા ચોથા દાયકામાં ફ્રાન્સમાં સાહિત્યવિષયક જે નવ્ય વિભાવનાઓ પ્રગટી તેને અનુસરીને તેમણે સાતમા દાયકામાં આપણે ત્યાં સાહિત્યવિવેચનને નૂતન વળાંક આપ્યો. ડૉ. ધીરુભાઈ ઠાકરે સુરેશ જોશીની વિવેચન વિચારણાના મુદ્દા તારવી આપ્યા છે (i) સાહિત્યનું વર્ણન અને મૂલ્યાંકન બાહ્ય પરિવેશને આધારે નહીં, પણ તેની અંતર્ગત ખાસિયતને આધારે થવું ઘટે. (ii) કૃતિને 'શબ્દસૃષ્ટિ' તરીકે જ તપાસવી જોઈએ. (iii) કલાની વાસ્તવિકતા બાહ્ય વાસ્તવિકતા કરતાં ભિન્ન છે. તેથી પદાર્થનું કલામાં થતું રૂપાન્તર જ તપાસનો એકમાત્ર વિષય હોય. (iv) રૂપરચના કલાનું હાર્દ છે, એટલે પ્રતીક અને શબ્દરૂપે પ્રવર્તતી સર્જનપ્રક્રિયા તેમાં સર્વેસર્વા ગણાય (v) તેની પરીક્ષા સંસ્કારગ્રાહી (impressionistic) ઢબે કરવાને બદલે વસ્તુલક્ષી(objective) પદ્ધતિને કૃતિને જ ધ્યાનમાં રાખીને કરવી જોઈએ. કૃતિનિષ્ઠ વિવેચનની જિકર કરતી આકારવાદી વિચારણા એ તેમના નવ્ય વિવેચનની ભૂમિકા છે.

કાવ્યનો આસ્વાદ, પ્રતિકરચના,આધુનિક કવિતામાં યુગચેતના, આપણું કાવ્યવિવેચન, નવલકથા વિશે, નવલિકા, કેટલીક અપેક્ષાઓ, વિવેચનનો અંત? , સાહિત્ય અને સુરુચિ વગેરે લેખોમાં તેમના સાહિત્ય વિવેચનની ગતિવિધીનો આલેખ જોવા મળે છે. એમનાં વિવેચનોમાં વિદ્વત્તા અને અધ્યાપકીય સજ્જતા ઉભયનો સમન્વય થયેલો છે. એક સારા વિવેચક પાસેથી તેમની અપેક્ષા કંઈક આવી છે:

'વિવેચકનું સૌથી સમર્થ ઓજાર તે કલાકૃતિના પરિશીલનથી પરિષ્કૃત મુકુરીભૂત રુચિ' છે. રૂઢપદ્ધતિના અર્થઘટનને તેમની સાહિત્યવિચારણામાં સ્થાન નથી. શબ્દ એ કેવળ અર્થ પ્રગટ કરવાનું સાધન નથી એમ તેઓ સ્પષ્ટપણે માને છે અને તેથી જ શબ્દને નિમિત્ત કરી ભાષાનું નવું રૂપ વિકસવવાની વાત કહે છે. "કાવ્યનો અર્થ તે તો કાવ્યસમસ્ત જ છે;એ એના અંશમાં નથી,પણ કાવ્યમાં સર્વત્ર છે." ૧૯૬૩માં 'ક્ષિતિજ' ના નવલકથાવિશેષાંકમાં નવલકથાની નવી વિભાવના વિશે તેમણે વિસ્તારથી વાત કરી છે તેવી જ રીતે 'ગૃહપ્રવેશ' ના આરંભે મૂકેલા લેખમાં તેમણે નવી નવલિકાની વિભાવના સમજાવી છે. કથાસાહિત્ય અંગેની તેમની વિવેચન રૂપ (form) લક્ષી છે. તેમણે એબ્સર્ડ નાટકમાં પ્રવર્તતી સંવેદના વિશે છૂટક વિચારો પ્રગટ કર્યા છે પણ વિસ્તારથી વિવેચન આપ્યું નથી. વસ્તુલક્ષી વિવેચનપદ્ધતિ અપનાવવાનો તેમણે આગ્રહ દાખવ્યો છે. પુરોગામી પેઢીએ કરેલાં વિવેચનોની મર્યાદાઓ પણ તેમણે બતાવી છે. એમાં આગલી પેઢી અને સમકાલીન પેઢીની દ્રષ્ટિ અને પદ્ધતિનો તફાવત સ્પષ્ટ વરતાઈ આવે છે.

સુરેશ જોશીએ સર્જનની માફક વિવેચનના ક્ષેત્રમાં પણ ખળભળાટ મચાવ્યો. સ્થગિતતાને દૂર કરી સાહિત્યક્ષેત્રે યુરોપાદી દેશોના સાહિત્યમાં જે નૂતન વિચારો-વાદોના વળાંકો સમયે સમયે આવ્યા તેના અભ્યાસ માટેની શક્યતાઓ ઉભી કરી. સાહિત્યતત્વ અને તેના પ્રકાર વગેરેની વિભાવનાઓને વધારે સ્પષ્ટ કરવાનો અને તેને અનુરૂપ પ્રયોગો કરવા તરફનું વલણ કેળવ્યું. નવા વિવેચનને અવલંબીને નવા પ્રકારનું સર્જન થવા લાગ્યું, એમ વિવેચન પહેલું અને સર્જન પછી , એ સ્થિતિ જોવા મળે છે. સુરેશ જોશીનું મૂલ્યાંકન કરતાં ઉશનસ ઠીક જ કહે છે કે "શ્રી સુરેશ જોશી એકીસાથે અનિભૂતિથી અને અભિવ્યક્તિની રિતરસમો સામેના બળવાખોર કવિ છે. આ હરપળે નૂતનતા અને તાજગીના આગ્રહી કવિ રૂઢિચુસ્તતા અને યથાવતતા સાથે અહીનકુલ જેવી વેરવૃત્તિ ધરાવે છે. એક જ ધરેડમાં ખેંચાતી આવતી આપણી જીવનપ્રણાલી અને કવનપ્રણાલી એમને પસંદ નથી, અને ચીલો ચાતરીને ચાલવાની એમની ટેવ અમને નવાં સાહસો કરવા પ્રેરે છે."

તેમણે દેશ-વિદેશના સર્જનાત્મક તેમજ વિવેચનનાત્મક સાહિત્યના અભ્યાસમૂલક અનુવાદો પણ આપ્યા છે. એક પત્રકાર તરીકે 'ક્ષિતિજ', 'ઊહાપોહ', 'એતદ', 'સેતુ' વગેરે સામયિકો દ્વારા સાહિતીયક પત્રકારત્વનો તેમણે વિકાસ કર્યો. તેમની ધ્યાનપાત્ર વિવેચનાઓ 'ક્ષિતિજ' દ્વારા સૌ પ્રથમ પ્રાપ્ત થઈ છે. અનેક નવા સર્જકો અને ઉદીયમાન વિવેચકોને 'ક્ષિતિજ' મારફતે પ્રગટ થવાની તક મળી. ગુજરાતી સાહિત્યમાં  આધુનિકતાની આબોહવા પ્રસારવાના ઐતિહાસિક કાર્યમાં 'ક્ષિતિજ' નિમિત્ત બન્યું છે એ નોંધવું જોઈએ. 'સુરેશ સ્કૂલ' ને હવે ત્રણ દાયકાના સલામત અંતરથી મૂલવીએ તો એટલું તો અવશ્ય કહી શકીએ કે ગુજરાતી સાહિત્યમાં તેઓ આધુનિક યુગના અગ્રણી તરીકે હમેશા યાદ રહેશે.


# વિવેચન સંગ્રહ




અષ્ટમોઅધ્યાય





ચિન્તયામિ મનસા





અરણ્યરુદન





**શૃણ્વન્તુ**





**કાવ્યચર્ચા**




**કથોપકથન**




**કિંચિત્**




**ગુજરાતી કવિતાનો આસ્વાદ**

# ચૈત્રરાતે

*ચૈત્રરાતે ચાંદની*
*એના મૃદુ કરથી લખી ગઈ*
*આ દેહ પર શા લેખ*
*તે અંગેઅંગે ફેરવીને અંગુલિ*
*કૂતુહલથકી ઉકેલવા બેઠો પવન ,*
*એ સ્પર્શસુખે આ સવારે હું મગન.*

*– સુરેશ જોષી*

સુરેશ જોશીની કવિતામાં પ્રકૃતિ, માનવ, એકલતા, મૃત્યુ, વેદના,વિસ્મય, અલગાવ,વિચ્છેદ આ દરેકની અનુભૂતિ વ્યકત થાય છે ઓછા શબ્દોમાં વધુ કહવાની ને અનુભૂતિનો અહેસાસ કરાવનારી રચના એટલે ચૌત્રરાતે. આરંભે જ કવિ કહે છે કે ચૈત્રમાસની અજવાળી એવી ચાંદની રાતે મૃદુ હાથથી મારા દેહ પર આ ક્યા લેખ લખી ગઈ? દેહની કોમળતા પ્રિયતમાના પ્રેમના ભાવોને ઉજાગર કરે છે, ને તેના ધ્વારા પ્રણયકેરી પ્રીતનો પિંડ બંધાયેલો અહી જણાય છે.આગળ કવિ કહે છે કે-

*તે અંગેઅંગે ફેરવીને અંગુલિ*
*કૂતુહલથકી ઉકેલવા બેઠો પવન ,*
*એ સ્પર્શસુખે આ સવારે હું મગન.*

માનવીની અંદર બેઠેલું આ અબોલ હદય આંખો દ્વારા ઘણું બધું કહી જાય છે . ને અંગોની ભાવભંગીમાં, ચેષ્ટા દ્વારા પ્રણયના સુરને પ્રિયતમ સુધી ખેંચી જાય છે. ને

પ્રેમના અંતિમ ધ્રુવો સુધી કામોત્તેજના દ્વારા ખુલી જાય છે. ને સમયના શાશ્વત છેદ ઉડાડી પ્રિયતમ પોતાના ભાવોને પાંખો આપે છે. ને પવનના પ્રતીક દ્વારા આ ભાવોને તેમના સ્પર્શથી અનુભવે છે. આમ ઋજુ સૌંદર્યની યાદ અપાવાતી અનુભૂતિની સચ્ચાઈથી જ કવિતાનો ગર્ભ રચાય છે. ને એ સચ્ચાઇ હોય તો કાવ્ય-સૌંદર્ય તો એની મેળી જ ખીલે ઊઠે છે. આમ નિતાંત સૌદર્યની વાત અહી કવિએ સુંદર રીતે વણીલીધી છે.

# સવાર

*પન્તુંજીની દ્રષ્ટિએ*

*આજે સવારે બેઠી નિશાળ,*
*પવન ઘુંટાવે અક્ષર ઝાલી મધુમાલતીની ડાળ.*

*હારબંધ આ કબૂતર ગોખે*
*ગઈ કાલનો પાઠ ઝરોખે;*
*સવારનો આ ચન્દ્ર રાંકડો –*
*ધ્રૂજતે હાથે લખેલ આંકડો!*
*સુર્યકિરણની દોરી રેખા*
*કોણ, કહોને, માંડે લેખાં?*

*આજ સવારે બેઠી નિશાળ*
*પવન ઘુંટાવે અક્ષર ઝાલી મધુમાલતીની ડાળ.*

*– સુરેશ જોષી*

કવિ સુરેશ જોશી પ્રકૃતિના ખોળે ઉછરેલા કવિ છે. તેથી તેમના નસેનસમાં પ્રકૃતિના તત્વો સદા વહેતા રહ્યા છે, ને આ વિવિધ તત્વો જેમકે નદી પર્વતો પહાડોના તોરણોની વરચે સૂસવાટા મારી વહેતો પવન, ખળ ખળ વહેતી નદીના સુંદર કલશોરથી ખીલી ઉઠતું આખુંય વાતાવરણ ને વૃક્ષોની બખોલમાં  તો ક્યાંક ડાળી ઉપર મધુર કંઠથી ગાતા પક્ષીઓ આ તમામ ને માણવાનો  સવારનો મીઠ્ઠો કૂણો તડકો આપણને જ્યારે સ્પર્શે છે ત્યારે રોમ રોમ પુલકિત થઈ ઉઠે છે.

કવિ કહે છે કે આજેતો સવાર સવારમાં નિશાળ ઊઠીને બેઠી છે ત્યારે પ્રકૃતિને જાણવાનો ને માણવાનો સમય આ ચાર દીવાલમાં પુરાઈ જાય છે .લહેરખી મારતો પવન જાણે હાથ પકડીને અક્ષર ઘૂંટાવતો હોય તેમ લાગે છે માટે જ કવિ કહે છે કે-

*આજે સવારે બેઠી નિશાળ,*
*પવન ઘુંટાવે અક્ષર ઝાલી મધુમાલતીની ડાળ.*

અહી પવન હળવું હળવું મધુમાલતી દાળ ઝુલાવતા હોય ત્યારે હારબંધ બેઠેલા કબૂતર ગોખના તથા ગઈ કાલનો  આ પાઠનું રટણ કરતો જણાય છે. ચંદ્ર પણ સૂર્યથી ઝાંખો પડી જોયા કરે છે ને સૂર્યકિરણની રેખા દોરી જાણે હાથ થરથરતા આંકડા માંડે છે અને આથી જ કવિ કહે છે કે

*સવારનો આ ચન્દ્ર રાંકડો –*
*ધ્રૂજતે હાથે લખેલ આંકડો!*
*સુર્યકિરણની દોરી રેખા*
*કોણ, કહોને, માંડે લેખાં?*

આમ પવન હળું હળું મધુમાલતીની ડાળ ઝુલાવતો હોય, કબૂતરો ગોખલામાં કતારબંધ બેસીને ઘૂટરઘૂ કરતાં હોય, સૂર્યકિરણ સૃષ્ટિને અજવાળતું હોય ત્યારે રાતનો રાજા ચંદ્ર રાંકડો થયેલો દેખાય એવી મધુર સવારના સૌંદર્યનો આનંદ કોઈ પંતુજી, “કુંઠિત દૃષ્ટિથી સવારને જોતા પંતુજી સવારને અને એના સૌંદર્યને ચૂકી જાય છે. અહિ કટાક્ષ વગરનો કવિનો કટાક્ષ ભારે વેધક છે. સવારની સૃષ્ટિને એમને રૂપે માણવાને બદલે પંતુજી નિશાળની બંધિયાર હવામાં ગોંધી દે છે એની વાત કરીને કવિ મુક્ત થયા છે.